# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૩/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 4109 તારીખ : 19-6-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
ગૌરાંગ ટી સાગઠીયા
"નીખીલ" બ્લોક નં૪૪ ભીમરાવ સોસા., કરણ પાર્ક પાસે, હોન્ડા શો રૂમ વાળો રોડ, નાના મવા રોડ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

મોબાઈલ : ૯૯૨૪૦૬૩૯૯૯

વિષય : ખામીયુક્ત મીટરના બિલીંગ બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૪૩/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, લક્ષ્મીનગર રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૩/ક્વા-૪/૨૦૧૮-૧૯/** તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૩/ક્વા-૪/૨૦૧૮-૧૯

**અરજદાર:** **ગૌરાંગભાઈ ટી સાગઠીયા** ગામ: રાજકોટ

**રજૂઆત કરનાર:** **અરજદાર ગૌરાંગભાઈ ટી સાગઠીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

**સામાવાળા:** કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ

**રજૂઆત કરનાર:**
(૧) એ.જે. દવે નાયબ ઇજનેર ટેક, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ
(૨) જી.એન.સોલંકી, જુનીયર ઈજનેર પ્રદ્યુમન નગર સ.ડી.
(૩) એસ.બી.પટેલ એસ.એ.રેવ –શહેર વિભાગીય કચેરી – ૨,રાજકોટ
(૪) શ્રીમતી કે. બી. ખાંડવી v ડી.વાય.એસ.એ. પ્રદ્યુમન નગર સ.ડી.

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

**સુનાવણી સ્થળ:** કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

**તારીખ:** ૨૮-૦૫-૨૦૧૯ ( મંગળવાર)

૧.૦ સદર કેઈસ ની સુનાવણી તા.૧૬–૦૪–૧૯, ના રોજ રાખવામા આવેલ હતી, જેમા અરજદાર હાજર રહેલ હતા. પરંતુ, ફોરમ કમિટી ની સુચના મુજબ – વધુ સ્થળ ખરાઈ કરી તેમજ – ટેમ્પર્ડ ડેટા ઈવેન્ટસ નો અભ્યાસ કરી – જરૂરી આધાર–પુરાવા રજુ કરવા જણાવેલ – ત્યારબાદ, તા.૨૮–૦૫–૧૯ ના રોજ સદર કેઈસની સુનાવણી રાખવામા આવેલ – જેમા અરજદાર હાજર રહેલ છે.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ગૌરાંગભાઈ ટી સાગઠીયા ગામ: રાજકોટ ની અરજી ના નોંધણી નંબર : ૪૩/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ જણાવે છે કે, તેઓના રહેણાક ખાતે ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૭૬૦૧/૦૬૨૭૬/૭ ધરાવે છે. તેઓના માહે ડિસેમ્બર–જાન્યુઆરી–૧૯ નુ વીજબીલ તા.૨૯–૦૧–૧૯ મુજબ ૧૩૭૩૧ યુનીટ ની રકમ રૂ.૧,૦૮,૭૦૬/– નુ અપાયેલ – જે બીન વાસ્તવિક જણાતા – સદર વીજબીલ ના અનુસંધાને – મીટર બદલવાની અરજી તા.૨૪–૦૧–૧૯ ના રોજ સબંધક પેટા વિભાગીય કચેરી મા કરેલ હતી. જે અન્વયે – તા.૨૪–૦૧–૧૯ ના રોજ ફર્મા –૧૫ નંબર: આરસીસી ૬૧૭૧૮૫ થી ઉતારેલ – જે મીટર ની લેબોરેટરી ચકાસણી તા.૦૧–૦૨–૧૯ ના રોજ તેઓની હાજરી મા ચકાસણી કરવામા આવેલ હતી, તે મુજબ લેબોરેટરી રીપોર્ટ પ્રમાણે સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય હોવાનુ જાહેર કરેલ.

૨.૧ અરજદારે સદર મીટર ના એમ.આર.આઈ. અહેવાલ મુજબ – માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૯ ના વીજબીલ ને ન્યાયિક રીતે મુલવવા વિનંતી કરેલ છે. સદર બાબતે પીજીવીસીએલ દ્વારા લેબોરેટરી ડેટા અપાયેલ છે, તે મુજબ – મીટર રીડર દ્વારા અપાયેલ વીજબીલ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૮ થી માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૯ સુધી સરખામણી કરતા – વિસંગતતા જણાયેલ છે. તેમજ મીટર બદલ્યા બાદ એટલેકે તા.૨૫–૦૧–૧૯ થી તા.૦૬–૦૨–૧૯ સુધીમા કુલ ૨૩ યુનીટ ૧૨ દિવસ મા નોંધાયેલ છે, તેમા પ્રતિદીન ૦૨ યુનીટ નો વીજવપરાશ બતાવેલ છે. આમ, અરજદારે મીટર ની ફેર ગુણવતાયુકત ચકાસણી કરી – મીટર ની ખરી તાંત્રીક સ્થિતી મેળવી અને અપાયેલ વિવાદીત બીલ ને યોગ્ય મુલવવા વિનંતી કરેલ – ત્યા સુધી વિવાદીત રકમ વસુલ ન કરવા – તેમજ વીજજોડાણ ને ન કાપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૨.૨ અરજદાર દ્વારા ફોરમ કમિટી ની મીટીગ તા.૨૮–૦૫–૧૯ ના રોજ લેખીત રજુઆત આપેલ – તે મુજબ અરજદાર પોતે મધ્યમ વર્ગ કક્ષા ના સામાન્ય નાગરીક તેમજ સીવીલ બાંધકામ ની પ્રાઈવેટ કંપનીમાં સુપરવાઈઝર ની કામગીરી કરે છે. સદર મકાનમા વર્ષ–૨૦૦૭ થી વર્ષ–૨૦૧૦ સુધી માત્ર ગ્રાઉન્ડ ફલોર નુ બાંધકામ હતુ, ત્યારબાદ, આ મકાન મા પ્રથમ માળે – બે રૂમ નુ બાંધકામ કરેલ, સદર મકાનમાં માહે એપ્રીલ –૧૮ માં ૧.૫ ટન નુ એસી ખરીદતા કુલ વીજભાર ૨૮૦૦ વોટ થયેલ – જેથી, તેઓના વીજવપરાશ માહે એપ્રીલ –૨૦૧૮ પહેલા પ્રતિ બીલ –૧૮૦ યુનીટ અને મે–૨૦૧૮ થી ૨૬૦ યુનીટ થયેલ – જે માત્ર ઉનાળા ની સીઝન પુરતા – ૨૬૦ યુનીટ પ્રતિબીલ છે.

૨.૩ અરજદાર સદર મકાનમાં ઈલેકટ્રીક અકસ્માત ની સલામતી માટે રોર્બોટ, વર્ષ–૨૦૧૦ થી નાખેલ છે. જે આજની તારીખે ગુણવતા સાથે ની સારી કામગીરી બજાવે છે.

૨.૪ ઉપરોક્ત સદર મીટર ખામીયુકત હોવા છતા, મીટર ને યોગ્ય ગણી અને અપાયેલ બીલને વ્યાજબી ઠેરવેલ છે, જે ન્યાયકર્તા નથી. માહે ઓકટોબર–નવેમ્બર– ૧૮ ના પહેલાના તમામ બીલો – મીટર રીડર દ્વારા સ્થળ પર રૂબરૂ હાજર રહી અને મીટર નુ વાંચન કરી અને બીલો બનાવેલ છે. તા.૨૯–૦૧–૧૯ ના રોજ અપાયેલ વીજબીલ ૧૩૭૩૧ યુનીટ નુ માત્ર ૬૦ દિવસ ની વીજવપરાશ વાળુ બીલ અપાયેલ છે. તે મુજબ પ્રતિદીન ૨૨૮ યુનીટ નુ બીલ થાય છે. એટલેકે પ્રતિ કલાક ૯.૫ યુનીટ થવા જાય છે. જે બાબત કોઈપણ રીતે શકય નથી. તેમજ – સદર મકાનમા વીજ પ્રવાહ લીકેજ નથી તેમજ રોર્બોટ પણ ગુણવતાયુકત હોવા છતા – મીટર માં કોઈ અચોકકસ પ્રકારની ખામી લેબોરેટરી ચકાસણીમાં જણાયેલ ન હોવાને કારણે – મીટર ઓકે જાહેર કરેલ છે, જે વ્યાજબી નથી.

૨.૫ ઉપરોક્ત બાબતે – અરજદાર આર્થિક રીતે સામાન્ય નાગરીક હોય – વાસ્તવિક રજુઆત ને ધ્યાને લઈને અપાયેલ૧૩૭૩૧ યુનીટ નુ બીલ રૂ.૧,૦૮,૪૦૬/– ગેરવ્યાજબી ગણવા ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજુઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, લક્ષ્મીનગર સબડિવિઝન ના ગ્રાહકશ્રી ગૌસંગ ભાઈ ટપુભાઇ સાગઠિયા કે જેઓ સિંગલ ફેઝ વીજ કનેક્શન ધરાવે છે જેનો ગ્રાહકનંબર - ૮૭૬૦૧/૬૨૭૬/૭ છે.

૩.૧ માહે ડિસે. જાન્યુ ૧૯ ના વીજ વપરાશનું બિલ જ્યારે મીટર રીડર આપવા ગયેલ ત્યારે મીટરમાં નોંધાયેલ આંકડા અને પાછલા બિલના આકડામાં ઘણો તફાવત હોવાથી બિલ અપાયેલ નહીં તેના સંદર્ભમાં ગ્રાહકની મીટર બદલી આપવાની અરજીના અનુસંધાને તારીખ ૨૪.૧.૨૦૧૯ ના રોજમીટર બદલાવી નવું મીટર મૂકવામાં આવેલ.

૩.૨ સદરહુ લેબ પરિક્ષણ તારીખ ૧.૨.૨૦૧૯ ના રોંજ ગ્રાહકશ્રી હાજરીમાં કરવામાં આવેલ આ મીટર સ્ટેસ્ટિક સિંગલ ફેજ મીટર હોઈ મીટરનું લેબ ટેસ્ટનું પરિક્ષણ કરતા ટેસ્ટનું પરિણામ બરાબર બતાવવામાં આવેલ. સદરહુ મીટરનો MRI લેવામાં આવેલ છે. મીટરના લીધેલ MRI રિપોર્ટ ચકાસતા તા.૧૦.૮.૨૦૧૮ થી તા.૧૪.૧.૨૦૧૯ દરમ્યાન મીટરમાં લગભગ ૪ કિવો જેવી MD જુદીજુદી તારીખે અને જુદાં જુદા સમયે માલૂમ પડેલ છે તેમજ મીટરના MRI મુજબ આ મીટરમાં તા. ૩૧.૮.૨૦૧૮ ના રોજ મીટરમાં ૧૩૬૭૫ રીડિંગ જોવા મળેલ. તે મુજબ સદર ગ્રાહકશ્રી ને તા.૨૮.૯.૨૦૧૮ ના બીલ આપવામાં આવેલ. મીટર રીડર દ્વારા જે બીલ અપાયેલ તેમાં ૧૧૭૮૮ રીડિંગ મુજબ બીલ આપેલ છે. આ પરથી એવું સ્પષ્ટ થાય છે કે મિટરમાં ૧૩૬૭૫ રિડિંગ નોંધાયેલ છે,અને મીટર રીડર દ્વારા મીટર ના વાંચનમાં ભૂલ હોઈ તેમને હિસાબે તેમજ ત્યારબાદ MRI નો અભ્યાસકર્તા ગ્રાહકને ત્યાં ૩૧.૮ પછી નોધાતા ડિમાન્ડ મુજબ મીટરમાં દર માસે જે વપરાશ નોંધાયેલ છે તે યોગ્ય છે.

3.3 ફોરમ કમિટી મીટીગ તા.૨૮–૦૫–૧૯ ના રોજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સદર અરજદાર ના સવાલવાળા મીટર ના એમ.આર.આઈ. અહેવાલના બીલીગ ડેટા ની સરખામણી નીચે મુજબ રજુ કરાયેલ છે.

| AS PER MRI DATA | | AS PER BILLING DATA | | |
|---|---|---|---|---|
| DATE | READING KWH | DATE | READING KWH | |
| 31.08.18 | 13675 | 25.07.18 | 11577 | |
| 30.09.18 | 16050 | 28.09.18 | 11788 | |
| 31.10.18 | 18588 | 27.11.18 | 11990 | |
| 30.11.18 | 21042 | 24.01.19 | METER CHANGE | |
| 31.12.18 | 23648 | 29.01.19 | 25721 | NEW METER READING IS -08 KWH |
| 31.01.19 | 25721 | 25.03.19 | 140 | |
| NOTE - AS PER MRI TAMPER REPORTS EARTH LOAD TAMPER EVENTS COUNTS 57 NOS RECORDED HENCE MAX.DEMAND RECORDED MORE THAN 3 KW IN MAX DEMAND HISTORY | | | | |

આમ, ઉપર મુજબ નોંધાયેલ વીજવપરાશ યોગ્ય છે, અને આપેલ બિલ ભરપાઈ કરવા પાત્ર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી ગૌરાંગભાઈ ટી સાગઠીયા ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૭૬૦૧/૦૬૨૭૬/૭ થી – ૦૧ કીવો કરારીત વીજભાર વાળુ– વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદાર ના સદર વીજજોડાણમાં પીજીવીસીએલ દ્વારા વીજબીલ તા.૨૩–૦૧–૧૯ ના રોજ મીટર રીડર દ્વારા મીટર ના વાંચન મુજબ – કુલ ૧૩,૭૩૧ યુનીટ નુ રૂ.૧,૦૮,૭૦૬/– નુ બનાવેલ – જે મીટર રીડર ને યોગ્ય ન લાગતા – પેન્ડીગ રાખીને સબંધક કચેરીમાં જાણકારી આપેલ. જે અનુસંધાને – અરજદાર ને સદર બાબત યોગ્ય ન લાગતા – મીટર બદલાવવા માટે ની અરજી તા.૨૪–૦૧–૧૯ ના રોજ અપાયેલ.

૪.૩ અરજદાર ની મીટર બદલાવવાની અરજી ના અનુસંધાને – સામેવાળા દ્વારા તા.૨૪–૦૧–૧૯ ના રોજ મીટર પર્ફોમા–૧૫ નંબર: આરસીસી ૬૬૭૧૮૫ થી બદલાવી આપેલ **જેની વિગતો નીચે મુજબ છે**

**મીટર મેઇક : L&G, સી નં.૦૦૨૮૧૩૬૦,**

**૦૫-૩૦ એમ્પ., જોડેલ કુલ વીજભાર ૨૨૭૫ વોટ**

**ઉપરોક્ત સદર મીટર, મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તપાસણી માટે તા. ૦૧.૦૨.૧૯,૦૮.૦૨.૧૯ અને ૧૫.૦૨.૧૯ ના રોજ અરજદારને હાજર રહેવા જણાવેલ છે.** ત્યારબાદ,અરજદારને સદર રીડીગ મુજબ તા.૨૯–૦૧–૧૯ ના રોજ **વીજબીલ અપાયેલ.**

૪.૪ સદર મીટર નુ લેબોરેટરી ચેકીગ તારીખ ૦૧–૦૨–૧૯ ના રોજ ગ્રાહક શ્રી ની હાજરીમાં કરાયેલ. જેમા લેબોરેટરી રીપોર્ટ પ્રમાણે સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય હોવાનુ બતાવેલ. તેમજ, મીટર નો એમ.આર.આઈ. લેવામા આવેલ.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતે એમ.આર.આઈ. અહેવાલ અને બીલીગ ડેટા ની સરખામણી મુજબ તા.૩૧–૦૮–૧૮ થી તા.૨૭–૧૧–૧૮ સદર મીટર ના – મીટર રીડર દ્વારા વાસ્તવિક યુનીટ નોંધાયેલ રીડીગ મુજબ – બીલ અપાયેલ નથી, તેમ જણાય છે.

૪.૬ **સદર અરજદારના વીજવપરાશના લેઝર મુજબ વર્ષ મુજબ સરેરાશ વીજ વપરાશ નીચે પ્રમાણે કરેલ છે.**

| CONSUMER-NO: | 87601/06276/7 | |
|---|---|---|
| NAME: | GAURANGBHAI T SAGTHIA | |
| TYPE: | RGPU | |
| LOAD: | 1 KW | |
| RELEASE DATE : | 22-Oct-09 | |
| Year | AVG CONSUMPTION KWH | BILL AMOUNT IN RS |
| 2010 | 239 | 790.93 |
| 2011 | 226 | 1089.36 |
| 2012 | 182 | 982.61 |
| 2013 | 194 | 1045.76 |
| 2014 | 215 | 1216.15 |
| 2015 | 234 | 1415.5 |
| 2016 | 243 | 1444.91 |

| | | |
|---|---|---|
| 2017 | 244 | 1516.54 |
| 2018 | 241 | 1451.22 |
| DEC, JAN BILLED IN **29-01-2019** | **13738 (MC)** | **109743.99** |
| FEB, MAR BILLED IN 25-03-2019 | 132 | 802.47 |

અરજદારના ઉપરોક્ત વીજવપરાશ – વીજબીલ તા. ૨૯.૦૧.૨૦૧૯ અગાઉના અને બાદના વીજબીલ માં નોંધાયેલ વીજ વપરાશ વ્યાજબી જણાયેલ છે. વધુમાં સવાલવાળા મીટરના MRI ના રીપોર્ટ મુજબ પ્રતિ દિવસ નીચે મુજબ વીજ વપરાશ નોંધાયેલ છે.

| AS PER MRI DATA | | | | As per Checking Report Dt.15.04.19 Connected Load 2.888KW |
|---|---|---|---|---|
| Date | Cumm KWH | Diff | Per Day Consum.-KWH | Per Day Consum. -KWH |
| 31.08.18 | 13675 | *** | **** | *** |
| 30.09.18 | 16050 | 2375 | 79.17 | 69.312 |
| 30.11.18 | 21042 | 4992 | 166.40 | |
| 31.01.19 | 25721 | 4679 | 150.94 | |

૪.૭ સામાવાળા દ્વારા રજુ કરાયેલ સવાલવાળા મીટરના ટેમ્પર રીપોર્ટ પ્રમાણે કુલ ૫૭ વખત અર્થ ફોલ્ટ નોંધાયેલ છે પરંતુ સદર અર્થ ફોલ્ટ કઈ-કઈ તારીખ અને ક્યાં સમયે નોંધાયેલ છે તેના કોઈ આધાર પુરાવા રજુ કરાયેલ નથી. તેમજ અરજદાર દ્વારા ઈલેક્ટ્રીક અકસ્માત ની સલામતી માટે રોર્બોટ, વર્ષ–૨૦૧૦ થી નાખેલ છે. જે આજની તારીખે ગુણવતા સાથે ની સારી કામગીરી બજાવે છે. જેથી સદર અર્થ ફોલ્ટ પીજીવીસીએલ સાઈડમાં પણ હોવાની શક્યતા છે.

૪.૮ નામદાર GERC ના સપ્લાય કોડ ૨૦૧૫ ના ક્લોઝ નં.૬.૨૦ મુજબ " ઈલેક્ટ્રોનિકસ મીટર પરની LED ની સ્થિતિ તપાસવાની ફરજ મીટર વાચકની રહેશે. ઈલેક્ટ્રોનિકસ મીટરો પર અર્થ લીકેજ નું LED નિર્દેશક પૂરું પાડેલ હોય અને તે 'ચાલુ' હોવાનું જણાય તો તે ગ્રાહકને જાણ કરશે કે મકાનમાં લીકેજ છે અને વાયરીંગ ની તપાસણી કરવા અને લીકેજ દુર કરવાની સલાહ આપશે. મીટર વાચક, પરવાનેદારના સબંધિત અધિકારીઓને પણ લીકજની જાણ કરશે." સદર બાબતે સામાવાળા દ્વારા અર્થ લીકેજ બાબતે કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી.

૪.૯ આમ, ઉપરોક્ત સંજોગોમાં નોંધાયેલ વીજ વપરાશ તેઓના જોડેલ વીજભાર ૨.૮૮૮ કી.વો. અને તેઓના વીજબીલના સરેરાશ વીજ વપરાશ ને ધ્યાને લેતા અરજદારને જુના મીટરમાં નોંધાયેલ વીજ વપરાશ (૨૫૭૨૧-૧૧૯૯૦) ૧૩૭૩૧યુનિટ નું વીજબીલ આપેલ જે અશક્ય હોઈ જે રદ કરીને નામદાર GERC ના સપ્લાય કોડ ૨૦૧૫ ના ક્લોઝ નં.૬.૫૮ મુજબ રીવાઈઝ કરીને અરજદારને લેખિતમાં અત્રેના ફોરમની જાણકારી હેઠળ દિવસ ૧૦ માં આપવાની સામાવાળાને સુચના આપવામાં આવે છે.

૪.૧૦ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૯ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૧૧ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

નોંધ: (૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લૉક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot